### સુગર અને માનસિક બીમારીથી કંટાળી લિંબાયતની મહિલાનો આપઘાત

સુરતઃ લિંબાયત ખાતે 3 સંતાનની માતાએ એસીડ પી આપઘાત કરી લીધો હતો. મહિલાને સુગર અને માનસિક બીમારી હતી. જેથી કંટાળી આપઘાતનું અંતિમ પગલું ભર્યું હોવાની શક્યતા છે. મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલમાં લિંબાયત વિસ્તારમાં આવેલ કમરૂનગર ટેનામેન્ટમાં રહેતા સફીખભાઈ ખાન માર્કેટમાં સાડીનું કામ કરી પરિવારમાં પત્ની 35 વર્ષીય રૂકસારબાનુ અને 3 સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. સફીખભાઈની પત્ની રૂકસાર બાનુને 3 વર્ષથી સુગરની બીમારી હતી અને 1 વર્ષથી માનસિક બીમારી હતી. જેથી કંટાળી તેમને 10 નવેમ્બરના રોજ રાત્રે ઘરે એસીડ પી લીધો હતો.

### સચિન GIDCમાં ટ્રકની ટક્કરથી બાઈકચાલક લૂમ્સ કારીગરનું મોત

સુરતઃ સચિન જીઆઇડીસીમાં રહેતો યુવક બાઇક લઈને એક કારખાનાથી બીજા કારખાને જઈ રહ્યો હતો. ત્યારે ટ્રક ચાલકે તેની બાઈકને અડફેટે લેતા તેનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલમાં સચિન જીઆઇડીસી ખાતેની તોરલ કંપનીમાં રહેતો 30 વર્ષીય મોહમ્મદ તસલીમ મોહમ્મદ કલીમ લૂમ્સના કારખાનામાં કામ કરી પરિવારનું ભરણપોષણ કરતો હતો. મોહમ્મદ તસલીમ ગુરુવારે સવારે બાઈક લઈને એક કારખાને બીજા કારખાને જઈ રહ્યો હતો. ત્યારે સચિન જીઆઇડીસી સી.આર પાટીલ રોડ ખાતે ટ્રક ચાલકે તેની બાઈકને અડફેટે લીધી હતી. ગંભીર ઈજાને પગલે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. સચિન જીઆઇડીસી પોલીસે ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ કરી મોહમ્મદ તસલીમના મૃતદેહને પી.એમ કરાવવા માટે નવી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. આ અંગે વધુ તપાસ સચિન જીઆઇડીસી પોલીસ કરી રહી છે.

### સચિન GIDCમાં કેમિકલ ગોડાઉનમાં આગ ભભૂકી

સુરતઃ સચિન જીઆઇડીસી વિસ્તારમાં આજે સવારે એક કેમિકલના ગોડાઉનમાં આગ લાગી હતી. માહિતી મુજબ, રોડ નંબર 8 પર મંગલમ ઇન્ડસ્ટ્રી પાસે આવેલા ગોડાઉનમાં અચાનક ધુમાડો નીકળતા આસપાસના ઉદ્યોગકારો ગભરાયા હતા. ઘટના અંગે તુરંત જ ફાયર બ્રિગેડને કોલ મળ્યો હતો. આ "આઉટ ઓફ સિટી" કોલ તરીકે નોંધાયો હતો, જેના પગલે ભેસ્તાન ફાયર સ્ટેશનમાંથી તાત્કાલિક ફાયર ફાઇટરની ગાડી સ્થળ પર પહોંચી ગઈ હતી. આગ નાની હોય તેમજ ફાયર ટીમે સમયસર કાર્યવાહી કરતાં આગને થોડા જ સમયમાં કાબૂમાં લઈ લીધી હતી. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

### આર્થિક સંકડામણમાં ગોડાદરાના રિક્ષાચાલકે ફાંસો ખાઈ લીધો

સુરતઃ ગોડાદરાના રીક્ષા ચાલક યુવકે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ગોડાદરા પટેલનગર સોસાયટીમાં રહેતા 23 વર્ષીય પવનકુમાર બંસીલાલ યાદવ રિક્ષા ચલાવી પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતો હતો. પવનકુમારે બુધવારે રાત્રે ઘરના પંખા સાથે ગમછો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પ્રાથમિક તપાસ મુજબ પવનકુમારે આર્થિક સંકડામણને કારણે આપઘાતનું અંતિમ પગલું ભર્યું હોવાની શક્યતા છે. આ અંગે વધુ તપાસ ગોડાદરા પોલીસ કરી રહી છે.

### સુગરની બીમારીથી કંટાળી અલથાણના આધેડનો આપઘાત

સુરત : અલથાણ વિસ્તારમાં આવેલ આદિત્ય કોમ્પ્લેક્ષમાં રહેતા 46 વર્ષીય દર્શનભાઈ વિનોદભાઈ વિદ્ય બેકાર હતા. તેમના પરિવારમાં પત્ની અને 1 પુત્રી છે. દર્શનભાઈને છેલ્લા 10 વર્ષથી સુગરની બીમારી હતી. દર્શનભાઈએ ગુરુવારે સવારે ઘરના પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તેમને આપઘાતનું અંતિમ પગલું બીમારીથી કંટાળીને ભર્યું હોવાની શક્યતા છે. આ અંગે વધુ તપાસ ખટોદરા પોલીસ કરી રહી છે.

**દિલ્હી બ્લાસ્ટ બાદ સુરતમાં 21 સામે પગલાં**

# ભાડા કરાર વિના મકાન-દુકાન આપનાર સપડાયા

**ભાડા** કરાર વિના આપેલાં મકાનો અસામાજિક કે ત્રાસવાદી પ્રવૃત્તિઓ માટે વપરાઈ શકે તેમ હોવાથી તપાસ

**ભાડે** આપતા પહેલા કરાર ફરજિયાત, અન્ય પોલીસ મથક વિસ્તારમાં પણ કાર્યવાહી કરાશેઃ પોલીસ કમિશનરનો સ્પષ્ટ આદેશ

સુરતઃ શહેરમાં વધતા સુરક્ષા જોખમોને ધ્યાનમાં રાખીને, સુરત શહેર પોલીસ કમિશનર દ્વારા જારી કરાયેલા જાહેરનામાનું પાલન ન કરનાર મકાનમાલિકો સામે કાપોદ્રા પોલીસે કડક પગલા લીધા છે. ભાડા કરાર કર્યા વિના મકાન, દુકાન, ઓફિસ કે ઔદ્યોગિક એકમો ભાડે આપનાર કુલ 21 મકાનમાલિકો વિરુદ્ધ જાહેરનામાનો ભંગ કરવાના ગુનામાં કાર્યવાહી કરી છે.

પોલીસ કમિશનર દ્વારા તા. 01/11/2025ના રોજ જાહેર કરાયેલા જાહેરનામાં મુજબ, કોઈપણ વ્યક્તિએ ભાડે આપતા પહેલા કાયદેસર કરાર ફરજિયાત કરવાનો આદેશ છે. પરંતુ કેટલાક માલિકો દ્વારા નિયમોનું પાલન ન થતાં કાપોદ્રા પોલીસે ચકાસણી હાથ ધરી હતી. પીએસઆઈ સાથેની બે ટીમે કાપોદ્રા અને આસપાસના વિસ્તારોમાં ઔદ્યોગિક યુનિટો અને રહેણાંક વિસ્તારોમાં તપાસ કરી હતી. તપાસ દરમિયાન જાહેરનામાનો ભંગ કરનારા 21 માલિક સામે કેસ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસ અધિકારીએ જણાવ્યું કે આવા ભાડા કરાર વિના આપેલા મકાનો અસામાજિક કે ત્રાસવાદી પ્રવૃત્તિઓ માટે વપરાઈ શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ દિલ્હીમાં બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો જેના કારણે સુરત પોલીસ પણ હવે સતર્ક થઈ ગઈ છે અને કાર્યવાહી શરુ કરવામાં આવી છે. આગામી દિવસોમાં અન્ય પોલીસ સ્ટેશનમાં પણ આ પ્રકારે કાર્યવાહી કરવામાં આવશે તેમ પણ જાણવા મળે છે. જેમાં ભાડા કરાર વિના મકાન કે દુકાન આપનારા વધુ માલિકો પકડાય તેવી સંભાવના છે.

### મનપા દ્વારા હેલ્થ સેન્ટરનું ખાતમુહૂર્ત રખાયું હોવા છતાં આપના કોર્પોરેટરોની અટકાયત

સુરતઃ મનપા દ્વારા વોર્ડ નં.2માં હેલ્થ સેન્ટરનું ખાતમુહૂર્ત હોવા છતાં કોઈપણ કામમાં જશ લેવા દોડી જતાં આમ આદમી પાર્ટીના કોર્પોરેટરો અને પદાધિકારીઓ મનપાના કાર્યક્રમ પહેલાં ખાતમુહૂર્ત કરવા દોડી ગયા હોવાથી પોલીસે તમામની અટકાયત કરી લીધી હતી. વિસ્તૃત વિગતો મુજબ સુરત મહાનગરપાલિકા વોર્ડ નં.2ના TP 66 વિસ્તારમાં રહેતા સૌ લોકોની આરોગ્ય સુવિધા ધ્યાને રાખી મનપા દ્વારા અહીં હેલ્થ સેન્ટર બનાવવા માટે આયોજન કરાયું હતું અને સ્થાનિક ધારાસભ્ય તેમજ પૂર્વ મંત્રી મુકેશ પટેલના હસ્તે લોકાર્પણ કરવા પહોંચી ગયા હતા. આમ છતાં ગુરુવારે આમ આદમી પાર્ટીના સ્થાનિક કોર્પોરેટરો અને કાર્યકરો હેલ્થ સેન્ટરના ખાતમુહૂર્ત કરવા દોડી જતાં પોલીસે તમામ કાર્યકર્તાઓની અટકાયત કરી લીધી હતી.

**સચિન-નવસારી રોડ પર આવેલા ડી-માર્ટની ઘટના**

# રૂ.499ની પ્રોડક્ટનું સ્ટીકર બદલી 45નું લગાડી દીધું

**ત્રણ** પ્રોડક્ટના સ્ટિકર બદલી 1295ની ઠગાઇનો પ્રયાસ કરનાર મેડિકલ સંચાલક ઝડપાયો

સુરતઃ સચીન-નવસારી રોડ ઉપર આવેલા ડી-માર્ટ સ્ટોરમાં એક ગ્રાહકે મોંઘી વસ્તુઓ પર સસ્તી વસ્તુઓના સ્ટીકર ચોંટાડી છેતરપીંડી કરવાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના સામે આવી છે. સ્ટોર મેનેજમેન્ટને ઘટનાની જાણ થતા તાત્કાલિક પોલીસને બોલાવી ગ્રાહકને ઝડપી પાડ્યો હતો. પોલીસ તપાસમાં તે ભેસ્તાન વિસ્તારમાં મેડિકલ ચલાવતો હોવાની હકીકત જાણવા મળી છે.

મળતી માહિતી મુજબ, ડી-માર્ટ સ્ટોરના આસિસ્ટન્ટ સ્ટોર મેનેજર અર્ષદ ઈમરાન શેખ (રહે. એલાફ રેસિડેન્સી, રાંદેર) એ પોલીસમાં ફરિયાદ કરતાં જણાવ્યું કે, ૧૨ નવેમ્બરે તેમના કર્મચારી કુંદનલાલનો ફોન આવ્યો કે એક ગ્રાહક કાઉન્ટર નંબર ૧૪ ઉપર વસ્તુઓની કિંમતમાં છેતરપીંડી કરી રહ્યો છે. તેઓ સ્થળ જેથી તેઓ ત્યાં પહોંચ્યા હતા અને જોયું હતું કે ગ્રાહકે કુલ ૧૦૩ વસ્તુઓ ખરીદી હતી. જેમાંથી પ્રોડક્ટ DGZ Eau De Parfum Party Night (100 ml) પર 499ની કિંમતનું સ્ટીકર લગાવેલું હતું તે બદલીને રૂપિયા 25નું સ્ટીકર લગાડી દીધું હતું. જ્યારે Kesh King Ayurvedic Oilનું રૂપિયા 399નું સ્ટીકર બદલી રૂપિયા 45નું સ્ટીકર લગાડી દીધું હતું તેવી જ રીતે Durex Invisible Condoms પ્રોડક્ટ પર રૂપિયા 532નું સ્ટીકર લગાવેલું જે બદલીને રૂપિયા 65નું લગાવી દીધું હતું.આ રીતે કુલ 1430ની વસ્તુઓ પર ઓછી કિંમતના સ્ટીકર લગાવી કુલ 1295ની છેતરપિંડી કરવાનો પ્રયાસ કર્યો હતો. સ્ટોરના CCTV ફૂટેજ ચેક કરતા ગ્રાહક મોલની અંદર જ વસ્તુઓ પરથી ભાવના સ્ટીકર કાઢી અન્ય વસ્તુઓ પર લગાવતા સ્પષ્ટ જોવા મળ્યા હતા. જેથી તેમણે તાત્કાલિક સ્થાનિક પોલીસને બોલાવી હતી.પોલીસ ડી માર્ટમાં આવી ગ્રાહકની પૂછપરછ કરતા તે કુલદીપરાજસિંહ હંજારામ ચૌધરી (ઉ.વ. ૩૨, રહે. ૩૬૭ સિદ્ધિ વિનાયક રેસિડન્સી, ભેસ્તાન) હોવાનું સામે આવ્યું છે. પોલીસે ડી-માર્ટ મેનેજમેન્ટની ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### અંબાજી મંદિરે માં અંબાને 64 ખંડની પ્રસાદી



■ અંબાજી રોડના અંબાજી મંદિરે નવા વર્ષના પ્રથમ64 ખંડની પ્રસાદીનું આયોજન રાખવામાં આવ્યું હતું. જે મહિલાઓને સંતાન ન થતાં હોય તેવી મહિલાઓ આ ખંડની પ્રસાદી આરોગે છે. **(તસવીરઃ સતીષ જાદવ)**

**ઉત્તર, ઉત્તર-પશ્ચિમ પવનોથી સુરતમાં બેવડી ઋતુનો અહેસાસ**

# રાત્રે શિયાળો, બપોરે ઉનાળો, તાપમાન વધીને 32.2 ડિગ્રી

**સવારે** ફૂલગુલાબી ઠંડી અને બપોરે ગરમીથી લોકો પર માઠી અસર, તાપમાનમાં 18 ડિગ્રીનો તફાવત

સુરતઃ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ઉત્તર અને ઉત્તર પશ્ચિમ દિશાના ઠંડા પવનો ફૂંકાવા લાગતા ધીમે ધીમે શિયાળો જામતો જઈ રહ્યો છે. જો કે, આ વખતે ક્લાઈમેટ ચેન્જના પ્રભાવને કારણે હવામાનમાં વિસંગતતા જોવા મળી રહી છે. સવારે ઠંડકનો અહેસાસ થાય છે, તો બપોર બાદ ગરમી ચડતા લોકો બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે.

હવામાન વિભાગના આંકડા મુજબ, સુરત શહેરમાં આજે મહત્તમ તાપમાન એક ડિગ્રી વધી 32.2 ડિગ્રી સેલ્સિયસ, જ્યારે લઘુત્તમ તાપમાન બે ડિગ્રી વધીને 18.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. એટલે કે દિવસ અને રાતના તાપમાન વચ્ચે 17થી 18 ડિગ્રીનો તફાવત નોંધાયો હતો. હવામાં ભેજનું પ્રમાણ ઘટીને 36 ટકા સુધી પહોંચી ગયું હતું. દિવસ દરમિયાન હવામાન વધુ સુકું બન્યું હતું. હવામાં ભેજનું પ્રમાણ ઘટીને 30થી 40 ટકાની આસપાસ રહે છે, જેના કારણે લોકોને ત્વચા સુકાવા, ખંજવાળ અને ચર્મરોગની ગંભીર સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. તબીબો સલાહ આપે છે કે આવા સમયે પૂરતું પાણી પીવું, ત્વચાની નમી રાખવા માટે મોઈશ્ચરાઈઝરનો ઉપયોગ કરવો અને અતિશય સૂર્યપ્રકાશથી બચવું જરૂરી છે.

**ચોકસાઈ માટે જમીનથી ચાર ફૂટ ઊંચાઈએ માપવામાં આવે છે તાપમાન**

હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ, તાપમાન માપવા માટે ખાસ પ્રકારના થર્મોમીટરનો ઉપયોગ થાય છે, જેને "ડ્રાય બલ્બ થર્મોમીટર"કહેવામાં આવે છે. આ ઉપકરણને સૂર્યની સીધી કિરણો કે ભેજથી અલગ રાખવામાં આવે છે, જેથી માપમાં કોઈ તફાવત ન પડે. દરરોજ સવારે 8:30 વાગ્યે આ ડ્રાય બલ્બ ટેમ્પરેચર નોંધવામાં આવે છે, જે હવામાનના દૈનિક અહેવાલનો આધાર બને છે. આ માહિતીના આધારે હવામાનની સ્થિતિ, ઠંડી, ગરમી અને ભેજના પ્રમાણનો અંદાજ લગાવવામાં આવે છે. વિજ્ઞાનીઓ મુજબ, જમીનથી ખૂબ નજીક માપવાથી તાપમાન વધારે જોવા મળે છે, જ્યારે વધારે ઊંચાઈએ માપવાથી તે ઓછું જોવા મળે છે. એટલે ચાર ફૂટની ઊંચાઈ પર માપવાથી તાપમાનનું સૌથી સંતુલિત અને વાસ્તવિક પ્રતિબિંબ મળે છે.

### વેડ રોડનો કોલેજિયન યુવક મલેરિયાના ખપ્પરમાં હોમાયો

સુરતઃ વેડરોડ ખાતે રહેતા અને ગાંધી એન્જિનિયરિંગ કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું મલેરિયાની બીમારીમાં સપડાતા મોત નીપજ્યું હતું.સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, વેડરોડ ખાતે વૃંદાવન એપાર્ટમેન્ટમાં રહેતા 19 વર્ષીય વેદાંત દિનેશભાઈ વાગાણી મજુરાગેટ પાસેની ગાંધી એન્જિનિયરિંગ કોલેજમાં ઈલેક્ટ્રીક કોમ્યુનિકેશન એન્જિનયરિંગના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હતો. તેની માતા ખાનગી ક્લિનિકમાં નોકરી કરી છે. તેને અન્ય 1 બહેન છે. વેદાંતને બે-ત્રણ દિવસથી તાવ આવી રહ્યો હોવાથી પરિવારજનોએ ઘર નજીકની ક્લિનિકમાંથી રિપોર્ટ કઢાવ્યા હતા. રિપોર્ટમાં વેદાંતને મલેરિયા હોવાનું નિદાન થયું હતું.

ગુરુવારે વેદાંતની તબિયત વધુ લથડતા પરિવારજનો સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે વધુ તપાસ ચોકબજાર પોલીસ કરી રહી છે.

# વજનકાંટા પર વજન કરીને ચરસ વેચનાર પકડાયો

**બેગમપુરાની** ઘાંચીશેરીમાંથી પોલીસે 3.70 ગ્રામ ચરસ સાથે યુવાનની ધરપકડ કરી, વજનકાંટો કબજે કરાયો

સુરતઃ બેગમપુરાની ઘાંચી શેરીમાં ચરસ વેચતા એક યુવકને મહિધરપુરા પોલીસે ઝડપી પાડ્યો હતો.પોલીસે તેની પાસેથી 3.70 ગ્રામ ચરસ, એક નાનો ઈલેક્ટ્રિક વજન કાંટો,6700 રોકડ અને મોબાઈલ ફોન મળી કુલ્લે 18 હજારની મત્તા કબજે લીધી હતી.

મહીધરપુરા પોલીસની ટીમ વિસ્તારમાં એનડીપીએસ ના ગુનાઓ સંબંધી કાર્યવાહી કરવા સારું પેટ્રોલિંગમાં હતી આ દરમિયાન ટીમના એક પોલીસકર્મીને બાતમી મળી હતી કે બેગમપુરા ઘાંચીશેરીમાં આવેલા શાસ્ત્રી નગર ફ્લેટમાં એક યુવક ચરસ વેચાણ કરે છે. પોલીસે બાતમી હકીકત વાળી જગ્યા પર દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન કૃણાલ પ્રદીપ રાણા નામનો યુવક મળી આવ્યો હતો. પોલીસે વધુ તપાસ કરતા તેની પાસેથી 3.70 ગ્રામ ચરસ મળી આવ્યું હતું.પોલીસે તેની પાસે ધંધાના 6,700,એક વજન કાંટો અને મોબાઈલ મળી 18 હજારની મત્તા કબજે લીધી હતી. પોલીસે યુવક વિરુધ NDPS એક્ટ હેઠળ કાર્યવાહી કરી તેની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં પ્રદીપ હાલ બેકાર હોવાથી આ વેપલો કરતો હોવાની હકીકત જાણવા મળી છે.

# ડિલિવરી મંગાવનારે ફોન નહીં ઉપાડ્યો અને ટીપાઈ ગયો

**અબ્રામામાં** ડિલિવરી બોય પર ખોટા વહેમમાં સરપંચ સહિત ચારનો હુમલો, જાતિવાદી અપશબ્દો કહ્યા

સુરતઃસ્વિગીમાં ડિલિવરીનું કામ કરતા એક યુવાન પર અબ્રામા ગામના સરપંચ સહિત ચાર વ્યક્તિઓએ ખોટા વહેમમાં આવીને હુમલો કર્યો હતો. આ ઘટનાની જાણ તેના મિત્રોને થતાં તેઓ ગામમાં પહોંચ્યા ત્યારે તેમને પણ લાકડીઓથી માર મારવામાં આવ્યો અને જાતિવાદી અપશબ્દો કહેવામાં આવ્યા. આ મામલે ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં એટ્રોસિટી કાયદા હેઠળ ગુનો નોંધાયો છે અને તપાસ શરૂ કરવામાં આવી છે.

ઉત્રાણ પોલીસ પાસેથી મળતી વિગતો અનુસાર, મૂળ અમરેલીના વતની અને હાલ અમરોલી છાપરાભાઠા રોડ પર મધુવન સોસાયટી પાસે કૃષ્ણા એપાર્ટમેન્ટમાં રહેતા કિશન ભગવાન ગોહિલના મિત્ર હસમુખ ડેંગડા સ્વિગીમાં ડિલિવરી બોય તરીકે કામ કરે છે. ગઈ કાલે હસમુખ ડેંગડા ડિલિવરી માટે અબ્રામા ગામમાં ગયા હતા. જ્યાં ડિલિવરી મંગાવનાર ફોન નહીં ઉપાડતા તે તેની શોધખોળ કરી રહ્યો હતો.

ત્યાં ગામના લોકોએ તેના પર શંકા કરી પૂછપરછ કરી હતી.તે દરમિયાયન તેણે અન્ય લોકોને પણ બોલાવતા તેઓ તેને ગાળો આપી અને માર માર્યો હતો.આ બાબતની જાણ હસમુખે તેના સાથી કિશોર અને વિપુલને કરી, જેથી તેઓ અબ્રામા ગામમાં પહોંચતા હતા ત્યારે રસ્તામાં અબ્રામા ગામના સરપંચ સહિત ચાર વ્યક્તિઓએ કિશન ગોહિલને જાતિવાદી ગાળો આપી અને લાકડીના ફટકા માર્યા હતા. સરપંચે હું આ ગામનો સરપંચ છું મને પૂછ્યા વગર કેમ ગામમાં આવ્યા કહી ધમકાવ્યા હતા.આ ઘટના અંગે પોલીસે સરપંચ અને અન્ય ત્રણ વિરુદ્ધ એટ્રોસિટીનો કેસ નોંધી તપાસ હાથ ધરી છે.

# શાળા છૂટ્યા બાદ ઢળી પડેલા ધો.11ના વિદ્યાર્થીનું મોત થયું

**સરથાણાની** નીલમાધવ સ્કૂલના વિદ્યાર્થીએ સારવાર પૂર્વે જ દમ તોડી દીધો

સુરતઃ સરથાણાના ધોરણ-11માં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું બેભાન થઈ ગયા બાદ મોત નીપજ્યું હતું. વિદ્યાર્થી વિદ્યાર્થી સ્કૂલ છૂટ્યા બાદ ક્લાસની બહાર મિત્રો સાથે બાઈક ઉપર બેસીને વાતો કરી રહ્યો હતો, ત્યારે અચાનક કાળનો કોળિયો થઈ ગયો હતો.

સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ અમરેલી સાવરકુંડલાના વતની અને હાલમાં સરથાણાની ગોવર્ધનપાર્ક સોસાયટીમાં રહેતા વિપુલભાઈ રાદડિયા મિસ્ત્રી કામ કરી પરિવારમાં પત્ની અને 2 સંતાન સહિતના પરિવારનું ભરણપોષણ કરે છે. વિપુલભાઈના સંતાન પૈકી 16 વર્ષીય શુભમ, સરથાણાની નીલમાધવ સ્કૂલમાં ધોરણ-11માં અભ્યાસ કરતો હતો.

શુભમ ગુરુવારે નિત્યક્રમ મુજબ સ્કૂલે ગયો હતો. સ્કૂલ છૂટ્યા બાદ ક્લાસની બહાર પાર્કિંગમાં મિત્રો સાથે બાઈક ઉપર બેસીને વાતો કરતો હતો. ત્યારે શુભમ એકાએક બેભાન થઈ ઢળી પડ્યો હતો. તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલ બાદ અન્ય ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

# મેટ્રો માટે હવે માર્કેટ રેટથી જમીનની ફાળવણી કરાશે

**હવે** GMRCને જંત્રી નહીં પરંતુ લેન્ડ ડિસ્પોઝલ કમિટીના રેટ પ્રમાણે જમીન મળશે

**શાલીની** અગ્રવાલની મહેનત રંગ લાવી, મનપાને થશે મોટો લાભ

સુરત : મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ માટે જરૂરી જમીનની માંગણી ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) દ્વારા મનપા સમક્ષ કરવામાં આવે છે. અત્યાર સુધી મનપા દ્વારા આવા કિસ્સામાં સરકારના નિયમ મુજબ જંત્રી ભાવે અથવા તો કેટલાંક કિસ્સામાં ફક્ત ટોકન ભાડું લઈને ભાડાપટ્ટે જમીન ફાળવાતી હતી. જેના કારણે મનપાની સોનાની લગડી જેવી જમીન નજીવા દરે ફાળવવી પડતી હતી અને નુકશાન થતુ હતું.

મનપાને થઈ રહેલા આ આર્થિક નુકશાન મુદ્દે મનપા કમિશનર શાલિની અગ્રવાલે સરકારનુ ધ્યાન દોરીને રજુઆત કરી હતી કે, ટીપી સ્કીમ હેઠળ મનપાને મળતા અનામત પ્લોટો જીએમઆરસીને જંત્રીના ભાવે આપવાથી મનપાને મોટું આર્થિક નુકસાન થઈ રહ્યું છે. આ રજૂઆતને પગલે રાજ્યના શહેરી વિકાસ વિભાગે તાજેતરમાં પરિપત્ર જાહેર કર્યો છે કે હવે મેટ્રો પ્રોજેક્ટ માટેની જમીન લેન્ડ ડિસ્પોઝલ કમિટી દ્વારા નિર્ધારિત ભાવે જ ફાળવવામાં આવશે જે દર મોટેભાગે બજારકિંમતની નજીક હોય છે. હવે જીએમઆરસીને જંત્રીના ભાવે જમીન ફાળવવાની પ્રથા બંધ થઈ જશે. લેન્ડ ડિસ્પોઝલ કમિટીના નિયમો મુજબ માર્કેટ રેટે જમીનની વેલ્યુ નક્કી થશે અને એ રેટે જ જમીન ભાડાપટ્ટે આપવામાં આવશે. ભુતકાળમાં કેટલીક જગ્યાઓ પર સ્થાયી સમિતિના ઠરાવ બાદ પણ જીએમઆરસી એલોટમેન્ટ લેટર મળ્યા વિના જ કબજો લઈ લેતી હતી. બાદમાં, જ્યારે જંત્રીના દર બમણા થયા, ત્યારે મનપાએ બમણા જંત્રીના દરે પ્રીમિયમ વસૂલવાની પ્રક્રિયા શરૂ કરી હતી. પરંતુ જીએમઆરસીએ દલીલ કરી હતી કે કબજાની તારીખે જે જંત્રી લાગુ હતી, તે મુજબ જ રકમ ચૂકવવી જોઈએ. અંતે સરકારની મંજૂરી બાદ મનપાએ જૂના જંત્રીના ભાવે વસૂલાત સ્વીકારવી પડી હતી.

**સોનાની લગડી જેવી 4859 ચો.મી. જમીનના મનપાને માત્ર 8.17 કરોડ મળ્યા**

સુરતઃ સુરત શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટના કામ માટે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા એન્ટ્રી-એક્ઝીટ, એન્સીલરી બિલ્ડીંગ તથા વીજ પુરવઠા માટે રીસીવિંગ સબસ્ટેશન જેવી સુવિધાઓ ઉભી કરવા ઉગત વારીગૃહ ખાતે ટીપી સ્કીમ નં. 42 (જહાંગીરાબાદ) વિસ્તારમાં 170 ચોરસ મીટર,પાલનપુર મેટ્રો સ્ટેશન માટે ટીપી સ્કીમ નં. 13 (અડાજણ) વિસ્તારમાં 1128 ચોરસ મીટર, કાપોદ્રા મેટ્રો સ્ટેશન માટે ટીપી સ્કીમ નં. 16 (કાપોદ્રા) ખાતે એન્ટ્રી-એક્ઝીટ અને એન્સીલરી બિલ્ડીંગ માટે 859 ચોરસ મીટર, તથા રીસીવિંગ સબસ્ટેશન માટે 2862 ચોરસ મીટર, જમીનો ફાળવવામાં આવી છે. જુના ભાવો પ્રમાણે આ સોનાની લગડી જેવી જમીનના માત્ર પ્રીમિયમ તથા 99 વર્ષના એડવાન્સ ભાડા રૂપે મનપાને કુલ રૂ. 8.17 કરોડ જ મળનાર છે.

### ઉત્કલનગર ઝૂંપડપટ્ટીમાંથી 1.01 લાખના ગાંજા સાથે બે ઝડપાયા

સુરતઃ "NO DRUGS IN SURAT" ઝુંબેશ અંતર્ગત કતારગામ પોલીસે બે ઈસમને પ્રતિબંધીત ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યા છે. બંને આરોપી અમદાવાદ જિલ્લાના વિરમગામના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. પોલીસને કુલ રૂ. 1.01 લાખનો ગાંજો મળી આવ્યો છે.

કતારગામ પોલીસે બાતમીના આધારે ઉત્કલનગર ઝૂંપડપટ્ટી નજીક રેલવે ટ્રેક પાસે છાપો મારીને બે શંકાસ્પદને ઝડપી પાડ્યા હતા. પૂછપરછમાં આરોપીઓની ઓળખ સંજયકુમાર નટવરભાઈ અગારીયા (ઉંમર 38) અને ઘનશ્યામભાઈ છત્રાજી ભાટીયા (ઉંમર 59) તરીકે થઈ છે. બંને અમદાવાદ જિલ્લાના વિરમગામ શહેરના રહેવાસી હોવાનું ખુલ્યું છે. તપાસ દરમિયાન તેમની પાસેથી કુલ 2.037 કિલોગ્રામ પ્રતિબંધિત ગાંજો મળી આવ્યો, જેની કિંમત અંદાજે રૂ. 1,01,850 ગણવામાં આવી છે. તે ઉપરાંત આરોપીઓ પાસેથી રોકડા રૂ. 7,050 અને બે મોબાઈલ ફોન રૂ. 5,500 સહિત કુલ રૂ. 1,14,400નો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

**છ વર્ષથી અટવાયેલા અને ઈજારદારને બ્લેકલિસ્ટ કરાયા બાદ**

# ભેસ્તાનના ROBમાં હવે 23 કરોડ રૂપિયા વધુ ખર્ચાશે

**અગાઉના** ઈજારદારે 44 ટકા જ કામગીરી કરી હતી, જેને પગલે તેને બ્લેકલિસ્ટ કરાયો હતો

સુરતઃ છેલ્લા છ વર્ષથી અધુરા રહેલા ભેસ્તાન-સિદ્ધાર્થ નગર રેલવે ફલાય ઓવરબ્રિજનું અધૂરૂં કામ પુરું કરવા આખરે મુહૂર્ત નીકળ્યું છે. જુની એજન્સી અજય પ્રોટેક, મહેસાણાને રૂા. 59.42 કરોડમાં સમગ્ર બ્રિજનું કામ સોંપાયું હતું. પરંતુ બ્રિજની કામગીરી માત્ર 44 ટકા કરીને આ ઈજારદારે શાસકોને અને તંત્રને ટલ્લે ચઢાવ્યા હતા અને 6 વર્ષથી બ્રિજ અધુરો જ રહ્યો હોય, આખરે તેને બ્લેકલિસ્ટ કરાયો હતો.

નવા એસઓઆર મુજબ મનપા દ્વારા ટેન્ડર બહાર પાડવાનું નક્કી કરાયા બાદ આ બ્રિજની અધુરી કામગીરી માટે 33.65 કરોડના અંદાજ બન્યા હતા. જેથી મનપાને વધારાની પ્રોજેક્ટ કોસ્ટ 23 કરોડ પડશે. જેમાંથી જુના ઈજારદારના જમા રૂા. 9 કરોડ બાદ કરતા મનપાને આ બ્રિજની અધુરી કામગીરી પુર્ણ કરવામાં 14 કરોડનો બોજો પડશે. આ બ્રિજની અધુરી કામગીરી પરસન્ટેઝવાઈઝ સોંપવા માટે હવે બીજા પ્રયાસે ટેન્ડર મંગાવ્યા બાદ એકમાત્ર ઈજારદાર મંગલમ બિલ્ડકોનને રૂા. 47.69 કરોડના ખર્ચે બાકીની 56 ટકા કામગીરી સોંપવા માટેની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ મુકવામાં આવી હતી જેને શાસકોએ ગુરૂવારે મંજુરીની મહોર મારી છે.

# અંબિકાનિકેતન પાસે એપા.માં પોપડા પડ્યા

**જર્જરિત** નર્મદ એપાર્ટમેન્ટમાં રિનોવેશન દરમિયાનની ઘટના

સુરતઃ શહેરમાં ગુરૂવારે બપોરે અંબિકા નિકેતન સામે નર્મદ એપાર્ટમેન્ટમાં રીનોવેશન દરમિયાન સ્લેબનો પોપડો પડતાં હલચલ મચી ગઈ હતી, એપાર્ટમેન્ટના રહીશોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો.

માહિતી મુજબ, નર્મદ એપાર્ટમેન્ટના બીજા માળે મકાનમાં રીનોવેશનનું કામ ચાલી રહ્યું હતું. દરમિયાન અચાનક સ્લેબનો એક મોટો પોપડો તૂટી પડ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. બપોરે આશરે 12.06 વાગ્યે ફાયર બ્રિગેડને કોલ મળતા જ મજુરા ફાયરની ગાડી ઘટના સ્થળે પહોંચી અને સ્થળની તપાસ હાથ ધરી હતી. નર્મદ એપાર્ટમેન્ટનું બિલ્ડીંગ ઘણું જૂનું અને જર્જરિત હાલતમાં છે. બિલ્ડીંગના અનેક ભાગોમાં તિરાડો પડેલી છે, જેના કારણે સમયાંતરે પ્લાસ્ટર અને સ્લેબના ટુકડાં તૂટી પડતા રહે છે. છતાં બિલ્ડીંગમાં કેટલાક પરિવારો હજુ પણ વસવાટ કરે છે.